અપીલ અરજી નં.૨૨૬તા.૧૮–૮ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી નરેશભાઈ એન બથવાર
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ એન બથવારની તા.૨૦–૬–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧)સૈયદપુરા માર્કેટની મિલ્કત નોંધ નં. ૧૨/૨૪૦૯ને રીપેરીંગની મંજુરીની આડમાં આર.સી.સી., સ્લેબ,બીમ,પ્લીન્થ સહિત એક માળની જગ્યાએ બે માળ ,ભોયતળીયા સહિત ગેરકાયદેસરનાં બાંધકામનાં અનુસંધાનમાં અમો અરજદારે આપશ્રી મહેરબાન કમિશ્નરશ્રીને તા. ૧–૬–૧૧નાં રોજ ૧ થી ૧૨ પુરાવા સહિતનાં પાના નંગ સહિતની અરજી આપેલ જે અરજીની અંતિમ આખરી કાર્યવાહી અંગેની માહિતીની નકલ વિ. મુદ્દા નં. (૧) થી (૨) ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૮–૮–૧૧ ની **SMC/FAP/** નં.૨૨૬/ ૨૦૧૧–૧૨

શ્રી નરેશભાઈ એન બથવારની તા.૨૦–૬–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧) સૈયદપુરા માર્કેટની મિલ્કત નોંધ નં. ૧૨ /૨૪૦૯ને રીપેરીંગની મંજુરીની આડમાં આર.સી.સી., સ્લેબ,બીમ,પ્લીન્થ સહિત એક માળની જગ્યાએ બે માળ ,ભોયતળીયા સહિત ગેરકાયદેસરનાં બાંધકામનાં અનુસંધાનમાં અમો અરજદારે આપશ્રી મહેરબાન કમિશ્નરશ્રીને તા.૧–૬–૧૧નાં રોજ ૧ થી ૧૨ પુરાવા સહિતનાં પાના નંગ સહિતની અરજી આપેલ જે અરજીની અંતિમ આખરી કાર્યવાહી અંગેની માહિતીની નકલ વિ. મુદ્દા નં. (૧) થી (૨) ની માહિતી આપવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ના પત્ર નં. સી.ઝેડ./આરટીઆઈ /આઉટ/૫૮૮તા. ૧૯–૭–૧૧ થી અધુરી, અયોગ્ય અને બોગસ માહિતી આપી હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૮– ૮ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા વધુમાં અરજદારની અરજીમાં નિર્દિષ્ટ ૧–૬–૧૧ની અરજી તેઓની કક્ષાએ અરજી સાથે આપેલ હોય તો તેની નકલ મોકલવા તથા અત્રેના ૧૯–૫–૧૧ના અરજદારે નિર્દિષ્ટ અપીલ હુકમની અમલવારીની હકીકત પણ જણાવવા પત્ર નં.આરટીઆઈ સેલ/૭૦૫ તા.૨૬–૮–૧૧ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને મુળ અરજી તા. ૨૦–૬–૧૧ના મુદ્દા નં.(૧)માં નિર્દિષ્ટ હેઠળની તા. ૧–૬–૧૧ની અરજીની નકલ મોકલવા તથા મુદ્દા નં.(૨) અંગે વિધાન કરેલ છે કોઈ માહિતી માંગણી જણાતી નથી જે સ્પષ્ટ કરવા તથા વધુમાં તેમની અરજીના મુદ્દા તા. ૧૯–૫–૧૧ના અપીલ હુકમનું પાલન થયેલ નથી તે અંગે તેઓ ઈચ્છે તો કાયદાની કલમ–૧૯(૩) હેઠળ બીજી અપીલ નામદાર રાજય માહિતી આયોગને કરવા સ્વતંત્ર છે તેવું જણાવતો પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી. તેમજ અરજદારે પણ અત્રેથી મોકલેલ પત્રમાં વિગતો જણાવેલ છે પરંતુ પત્રના સંદર્ભે કોઈ પૂરક વિગતો આપેલ નથી.

અરજદારની તા.૨૦–૬–૧૧ ની અરજીથી સૈયદપુરા માર્કેટની નોંધ નં.૧૨/૨૪૦૯ બાબતે તા.૧–૬–૧૧ ના રોજ કરેલી અરજીની કાર્યવાહી તથા અત્રેથી અગાઉ આરટીઆઈ સેલ/૨૨૨ તા.૧૯–૫–૧૧ ના હુકમની અમલવારી બાબતે માહિતી માગતી અરજી જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ કચેરીને સંબોધતી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૫૮૮ તા.૧૯–૭–૧૧ થી અરજદારને લાયસન્સો બાબતેની માહિતી પૂરી પાડવામાં આવેલ. જેમાં મુદ્દા નં. (૧) સૈયદપુરા માર્કેટની મિલ્કત નોંધ નં. ૧૨/૨૪૦૯ને રીપેરીંગની મંજુરીની આડમાં આર.સી.સી., સ્લેબ,બીમ,પ્લીન્થ સહિત એક માળની જગ્યાએ બે માળ ,ભોયતળીયા સહિત ગેરકાયદેસરનાં બાંધકામનાં અનુસંધાનમાં અમો અરજદારે આપશ્રી મહેરબાન કમિશ્નરશ્રીને તા. ૧–૬–૧૧નાં રોજ ૧ થી ૧૨ પુરાવા સહિતનાં પાના નંગ સહિતની અરજી આપેલ જે અરજીની અંતિમ આખરી કાર્યવાહી અંગેની માહિતીની નકલ. મુદ્દા નં.(૨)સદર મિલ્કતની અમો અરજદારની તા.૨૯–૩–૧૧ ના રોજની પ્રથમ આરટીઆઈ એકટની કલમ–૧૯(૧) હેઠળની અપીલ અરજીમાં આપશ્રીની કચેરીના ડે.કમિ.(સ્પે) અને એપેલેટ ઓફિસરશ્રી નિકાલ તા.૧૯–૫–૧૧ ના પત્ર નં.આરટીઆઈ સેલ/૨૨૨ થી હુકમમાં ફકત અમો અરજદારના મુદ્દા નં.૨ અને ૩ અંગેની માંગેલ માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ બીયુસી પ્રમાણપત્રની, આરોગ્યની ગુમાસ્તાધારાની અને વ્યવસાયવેરાની માહિતીની નકલો વિના મૂલ્યે અમો અરજદારને દિન–૭ માં પૂરી પાડવાનું ઝોનલચીફ સે.ઝોનને જણાવેલ હોવા છતાં ૩૦ દિવસ ઉપરાંતનો સમય વ્યતિત કર્યા પછી પણ આજ રોજ સુધી માહિતીની નકલો પૂરી પાડેલ નથી. તેવી માહિતી માંગેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી જણાવેલ છે કે મુદ્દા નં.૨ અંગે પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/૫૮૮ તા.૧૯–૭–૧૧ થી નિયત સમય અવધિમાં (૧) ગુમાસ્તાધારા નોંધણી પ્રમાણપત્ર તથા વ્યવસાય વેરા નોંધણી પ્રમાણપત્રની નકલ દફતરી રેકર્ડ પર રાખવામાં આવતી નથી પરંતુ અપીલના હુકમ મુજબ ઉપલબ્ધ દફતરી રેકર્ડની માહિતી નીચે મુજબ છે.

(એ)(૧)સંસ્થાનું નામઃ– મુકદર ચીકન સેન્ટર
(૨) માલિકનું નામઃ– જમીલ નુર મોહંમદ ચીચી
(૩)કામકાજનો પ્રકારઃ– જીવીત મરઘી અને મટર મરઘીનું તેમજ ઈંડા વેચનાર
(૪)સંસ્થાનું સરનામું :– ૧૨/૨૪૧૦ મટન માર્કેટ સામે, સૈયદપુરા, સુરત.
(૫ નોંધણી પ્રમાણપત્ર નં.:– સી.ઝેડ/ એસ૧૨/૨૧૩૫૩૦
(૬)નોંધણી તારીખઃ– ૨૫–૬–૦૮ (તા.૩૧–૧૨–૧૧ સુધી રીન્યુ)

સદર માલિક ધ્વારા વ્યવસાય વેરા નોંધણી પ્રમાણપત્ર નં. PECO3CZ-79070 થી વર્ષ ૨૦૧૦–૧૧ સુધીનું વ્યવસાય વેરો ભરપાઈ કરેલ છે.

(બી)(૧) સંસ્થાનું નામઃ– એકતા ચીકન સેન્ટર
(૨) માલિકનું નામઃ–મણીલાલ ખુશાલદાસ કહાર
(૩) કામકાજનો પ્રકારઃ– જીવિત મરઘી અને મટન મરઘીનું તથા ઠંડાપીણા વેચવાનું
(૪) સંસ્થાનું સરનામુંઃ– ૧૨/૨૪૦૯ મટન માર્કેટ સામે, સૈયદપુરા, સુરત.
(૫) નોંધણીપ્રમાણપત્ર પત્ર નં.સી.ઝેડ/એસ૧૨/૩૩૬૦
(૬) નોંધણી તારીખઃ– ૨૭–૧૦–૧૯૯૯

(૨) આરોગ્ય વિભાગ ધ્વારા ચીકન અને ઈંડાના વેચાણ કરતી સંસ્થાને કોઈ પ્રમાણપત્ર આપવામાં આવતા નથી પરંતુ આવી સંસ્થાઓને આરોગ્યના પરવાના આપવામાં આવે છે જે જે તે પરવાનેદાર પાસે જ રહેતા હોય છે અને જેની નકલ સેન્ટ્રલઝોનના ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે અધૂરી , અયોગ્ય અને બોગસ માહિતી હોવાનું જણાવી નારાજ થઈ તા.૧૮–૮–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે આ બાબત વ્યવસ્થિત જણાવેલ નથી. તેમજ અરજદારે અત્રેથી અપીલ નં. **SMC/FAP/** નં.૪૨૭/ ૨૦૧૦–૧૧ તા.૨૯–૩–૧૧ ની અપીલ અંગે તા.૧૯–૫–૧૧ ના હુકમ નં.આરટીઆઈ સેલ/૨૨૨ માં અમોએ અરજદારને દિન–૭ માં આરટીઆઈ એકટ હેઠળ કલમ–૭(૬) મુજબ બીયુસી, આરોગ્ય, ગુમાસ્તા અને વ્યવસાયવેરાની માહિતીની નકલો પાઠવવા હુકમ કરેલ તેવી અરજદારની રજૂઆત બાબતે જેમાં બીયુસી અંગે કોઈ હુકમ કરવામાં આવેલ નથી તેમજ ગુમાસ્તા આરોગ્ય વ્યવસયાવેરા પ્રમાણપત્રની નકલ બાબતે નહીં પૂરી પડાયેલી માહિતીના ઉપલબ્ધ દફતરી વિગતે નોંધણી રજીસ્ટર ઉપરથી માહિતી પૂરી પાડવાનું જણાવવામાં આવેલ.જે અંગે વ્યવસાયવેરાના પ્રમાણપત્રો બાબતે તેઓની નોંધણી કરવામાં આવે છે ત્યારે પ્રમાણપત્રો માલિકને આપવામાં આવે છે તેની નોંધણી દફતરે કરવામાં આવે છે. આથી આરટીઆઈ કાયદાની કલમ–૨(એફ) ની જોગવાઈ મુજબ દફતરી ઉપલબ્ધ માહિતી આપવાની રહે છે. જે આપેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારીએ સદર પત્રમાં હુકમના ઉલ્લેખસહ લાયસન્સો બાબતેની માહિતી આપવામાં આવેલ છે. જેમાં જાહેર માહિતી અધિકારીએ ગુમાસ્તા, વ્યવસાયવેરાના નોંધણીપ્રમાણપત્રની નકલ રેકર્ડ ઉપર રાખવામાં આવતી નથી તેમજ ચીકન અને ઈંડાના વેચાણ કરતી સંસ્થાને પ્રમાણપત્ર આપવામાં આવતી નથી તેવી દફતરી ઉપલબ્ધ હકકીતલક્ષી માહિતી જણાવવામાં આવેલ છે. જયારે ગુમાસ્તાધારાના લાયસન્સ અંગે લાયસન્સની વિગતો પણ પૂરી પાડવામાં આવેલ છે. જયારે વ્યવસાયવેરાના નોંધણી પ્રમાણપત્ર નંબર અને વ્યવસાય વેરો વર્ષ ૨૦૧૦–૧૧ ભરપાઈ કર્યાની વિગતો જણાવેલ છે. પરંતુ અરજદારને વ્યવસાયવેરા નોંધણી પ્રમાણપત્રની વિગતોની માહિતી આપેલ નથી. તેમજ આરોગ્ય વિભાગ તરફથી પરવાના આપવામાં આવે છે અને જે પરવાનાદાર પાસે રહતા હોવાનું જણાવેલ છે પરંતુ સદર મિલ્કતની સંસ્થાઓને પરવાના આપવામાં આવેલ છે કે કેમ? તે અંગે પરવાના બાબતેની દફતરી ઉપલબ્ધ વિગતો જણાવેલ નથી.

જયારે મુદ્દા નં.૧ અંગે તા.૧–૬–૧૧ ના રોજ આપેલ ૧ થી ૧૨ પાનાની પુરાવા સહિતની અરજી આપવામાં આવેલ છે તેની કાર્યવાહી અંગેની માહિતી માંગવામાં આવેલ છે. જે અંગે અત્રેથી અરજદારને આરટીઆઈ સેલ/૭૦૫ તા.૨૬–૮–૧૧ થી પત્ર પાઠવવામાં આવેલ. જે અંગે અરજદારને મુળ અરજી તા. ૨૦–૬–૧૧ના મુદ્દા નં.(૧)માં નિર્દિષ્ટ હેઠળની તા. ૧–૬–૧૧ની અરજીની નકલ મોકલવા તથા મુદ્દા નં.(૨) અંગે વિધાન કરેલ છે કોઈ માહિતી માંગણી જણાતી નથી જે સ્પષ્ટ કરવા તથા વધુમાં તેમની અરજીના મુદ્દા તા. ૧૯–૫–૧૧ના અપીલ હુકમનું પાલન થયેલ નથી તે અંગે આપ ઈચ્છો તો કાયદાની કલમ૧૯(૩) હેઠળ બીજી અપીલ નામદાર રાજય માહિતી આયોગને કરવા સ્વતંત્ર છે અને જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને કોઈ વિગતો પૂરી પાડવામાં આવેલ નથી. તેવી રજૂઆત કરેલ છે. તેમના તા.૫–૯–૧૧ ના અત્રે મળેલ પત્રમાં અરજદારે મિલ્કતના બાંધકામ ગેરકાયદેસર થયેલ હોય જેની આખરી કાર્યવાહી શહેર વિકાસ કચેરીએ કમિ.શ્રીના આદેશની ડીમોલીશન કરવાનું હોય તેવું વિધાન કરેલ છે. તેમજ આરટીઆઈ એકટના નિયમ–૬ મુજબ અરજદારે અપીલ સાથે આવી સંદર્ભ અરજીની વિગતો જણાવવાની રહે છે. જે અરજી સાથે રજૂ કરવામાં આવેલ નથી. અને તેમની અપીલ તબકકે સદર વિગતે પુનઃ તક આપવા છતાં પણ તેવી વિગતો રજૂ કરેલ નથી. જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને મુદ્દા નં.૧ અંગે કોઈ માહિતી પૂરી પાડવામાં આવેલ નથી કે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદના ઈન્કાર અંગે કોઈ કારણ જણાવેલ નથી. આથી અરજદારની અરજીની કાર્યવાહી બાબતે દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી પૂરી પાડવાની રહે.

**હુકમ**

**અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.**

**અરજદારની તા. ૨૦–૬–૧૧ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી મુદ્દા નં.૧ અરજદારની તા.૧–૬–૧૧ ની અરજી બાબતે કરેલી કાર્યવાહી તેમજ મુદ્દા નં.૨ અંગે આરોગ્યના પરવાના આપેલ છે કે નહી તેની તથા પરવાનાની વિગત બાબતે નહીં પૂરી પડાયેલી દફતરી વિગતો સહિત તેમજ વ્યવસાયવેરાની લાયસન્સની વિગતો બાબતે નહીં પૂરી પડાયેલ દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે.**

**(પી.જે.ઝાલા)**
**ડે.કમિશ્નર (સ્પે.)**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**નં.આરટીઆઈસેલ/**
**તારીખ : –૯–૧૧**

**પ્રતિ,**
**(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન), .....જાણ તથા અમલ માટે.**
**(૨) શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર,**